# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨/૯/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## ચેમ્બર દ્વારા ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં શ્રમિકો માટે નિઃશુલ્ક નિદાન અને સારવાર શિબિર યોજાયો, સેંકડો શ્રમિકોએ લાભ લીધો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા વેડરોડ આર્ટ સિલ્ક સ્મોલ સ્કેલ કો–ઓપરેટીવ ફેડરેશન લિમિટેડના સહકાર અને નવી સિવિલ હોસ્પિટલના સૌજન્યથી રવિવારે, તા. ૧ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ સવારે ૯:૦૦ કલાકથી બપોરે ૧૨:૦૦ કલાક સુધી સિંગણપોર સ્થિત ઋષી આશ્રમ ખાતે શ્રમિકો માટે નિઃશુલ્ક નિદાન અને સારવાર શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

નિઃશુલ્ક નિદાન અને સારવાર શિબિરના ઉદ્દઘાટન પ્રસંગે ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ પ્રાસંગિક ઉદ્દબોધન કરી ચેમ્બરની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. તેમણે કહયુ હતુ કે, આજના મોંઘવારીના જમાનામાં શ્રમિકોને નિઃશુલ્ક તબીબી સારવાર મળી રહે તે માટે ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ મેડીકલ કેમ્પ કમિટી દ્વારા શ્રમિકો માટે નિઃશુલ્ક નિદાન અને સારવારની કામગીરી કરવામાં આવે છે. સાથે જ તબીબી ક્ષેત્રે વિવિધ અવેરનેસ કાર્યક્રમ પણ કરવામાં આવે છે.

ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ મેડીકલ કેમ્પ કમિટીના ચેરપર્સન ડો. અમિ યાજ્ઞિક અને કો–ચેરપર્સન ડો. રીન્કલ જરીવાલાએ નવી સિવિલ હોસ્પિટલના મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. ગણેશ ગોવેકર તથા ડો. કેતન દવે, ડો. કશ્યપ ખરાચીયા, ડો. રોનક નાગોરીયા અને ડો. વિપુલ ચૌધરી સાથે મળીને શ્રમિકોની સારવાર કરી દવાઓનું વિતરણ કર્યુ હતુ. આ શિબિરનો ૩૫૦ જેટલા શ્રમિકોએ લાભ લીધો હતો. દર્દીઓની સર્જરી સુધીની વધારાની સારવાર નવી સિવિલ હોસ્પિટલમાં વિનામૂલ્યે કરી આપવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.

આ નિઃશુલ્ક નિદાન અને સારવાર શિબિરમાં બિહાર વિકાસ મંડળ સુરતે પણ સહકાર આપ્યો હતો. ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલ, શ્રી એકઝીબીશન સેલના હેડ શ્રી દેવેશ પટેલ, શ્રી નીતિન ભરૂચા અને શ્રી હિમાંશુ બોડાવાલાએ પણ શિબિરમાં સહયોગ આપ્યો હતો.